ગાંધીનગર સમાચાર

તા. ૨૫-૧-૨૦૧૨, શુક્રવાર

## તંત્રી સ્થાનેથી.....

# રાજનાથનું રાજયારોહણ!

રાજનાથસિંહનો 'સર્વમાન્ય' ઉમેદવાર તરીકે રાષ્ટ્રીય અધ્યક્ષ માટેની ભાજપની ગડમથલ વચ્ચે થયેલો સ્વીકાર હાલ પૂરતો ભલે ઉત્સાહપ્રેરક લાગી રહ્યો હોય પરંતુ એમની વરણીથી ૨૦૧૪ અને એ પહેલાંની ચૂંટણીઓમાં ભાજપ મેદાન મારી જશે એ પ્રકારની આગાહી ફક્ત 'વિશફૂલ થિંકિંગ' જ છે. રાજનાથસિંહને એમના પક્ષે આ અગાઉ પણ ૨૦૦૭ થી ૨૦૦૯ સુધી આ જ પદ પર જવાબદારી વહન કરતા જોયેલા છે. એમનાં કાર્યકાળમાં એમના પોતાના જ રાજયમાં ભાજપનો ધબડકો વળ્યો હોય તે કદાચ પ્રજા તો ભૂલી જાય પણ ભાજપનું મોવડીમંડળ ભૂલ્યું નહોતું. એટલે જ કદાચ લાલકૃષ્ણ અડવાણી જેવા વયોવૃધ્ધ રાષ્ટ્રીય નેતાએ દક્ષિણમાં ભાજપનો એકડો નીકળી જવાની દહેશતને કારણે વેંકેયા નાયડુ અને હિંદીભાષી પ્રજા ઉપરાંત નારીજગતનાં પ્રતિનિધિ સુષ્મા સ્વરાજ જેવાં નામ 'બદનામ' ગડકરીના વિકલ્પે સૂચવ્યાં હતાં. યશવંત સિન્હા પણ પ્રમુખપદ સ્વીકારવા થનગની રહ્યા હતા. રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ માટે નાગપુર નિવાસી નીતિન ગડકરીને બીજી ટર્મ મળે એ લગભગ પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની ગયો હતો. એ માટે જરૂરી એવો પક્ષના બંધારણનો સુધારો પણ કરાવી દેવાયો હતો અને ગડકરી સંજય જોષી મુદ્દે સૂગ રાખતા ગુજરાતના મુખ્યમંત્રીને પણ યેનકેન પ્રકારે મનાવી લેવાયા હતા. ગડકરીની કંપની સામે, બરાબર ગ્રહણ ટાણે સાપ બની રહ્યો. અડવાણીની નારાજગી અને જેઠમલાણી તથા બિહારી સિન્હાઓની બળવાખોરીએ સંઘના લાડકવાયા ગડકરીના હોઠ સુધી આવી ગયેલો કોળિયો છીનવી લીધો છે. પછી રાજનાથસિંહ માનવીય વિવેક દર્શાવવા ભલે એમના એક સમયના અનુગામ અને અત્યારના પુરોગામીની પ્રશંસાના પુલ બાંધતા ફરે, પણ ગડકરી પક્ષની રહીસહી તકો માટે જોખમ રૂપ નીવડવાના હતા, એ દહેશત તો અડવાણીની પ્રવચનનાં અને ખુદ ગડકરીની સ્વીકારોક્તિમાં પણ વ્યક્ત થઈને જ રહી. રાજનાથ કોઈ મોટા ગજાના નેતા નથી. એમનું પાપ અગાઉની કામગીરી દરમિયાન નીકળી ચૂક્યું છે. હિંદી બેલ્ટના આ રાજપૂત નેતાનું એક માત્ર પ્લસ પોઈન્ટ છે એમની સાફ છબી. વળી એ સર્વાશ્લેષી અભિગમ ધરાવતાં કોઈ એનડીએનો બીજા સાથી પક્ષોને વિશેષ અનુકૂળ છે. સંઘ સાથે એમનો જૂનો નાતો છે, એથી હિંદી પટ્ટામાંથી યશવંત સિન્હા જવો સંઘ સાથે સ્નાનસૂતક નહીં ધરાવતો નેતા રાષ્ટ્રીય પ્રમુખ બને કે પછી સમાજવાદી બૅકગ્રાઉન્ડમાંથી આવેલાં સુષ્મા સ્વરાજ એ પદ પર બિરાજે એ કરતાં આ કહ્યાગરો કંથ શું ખોટો? આખાયે એપિસોડમાં અડવાણીની નારાજગી સૌથી મોટી આડખીલી હતી. અડવાણીની પસંદગીનો ઉમેદવાર ભલે ન મુકાયો, પરંતુ ગડકરીનો કાંટો નીકળી ગયો એ મહત્ત્વની બાબત છે. કયારેક 'ગૌચર'માં સાનુકૂળ ગ્રહદશા અણધારી સફળતા આપે છે - રાજનાથની તાજપોશી તેનો તાજો દાખલો છે. એનો અર્થ હરગિજ એવો ન કરાય કે રાજનાથના ગ્રહો એમની પાર્ટીને પણ ફળશે.

## આર.સી. પટેલ શાળાનું ગૌરવ

ગાંધીનગર, તા. ૨૪



રાષ્ટ્રીય બાલભવન માનવ સંશોધન વિકાસ મંત્રાલય નવી દિલ્હી, ભારત સરકાર દ્વારા યોજાયેલી નિબંધ અને કાવ્ય લેખન સ્પર્ધામાં આર.સી. પટેલ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, સે-૨૩, ગાંધીનગરની વિદ્યાર્થીની પલ્લવી જયસુખભાઈ પ્રબતાણીએ તાજેતરમાં જિલ્લા કક્ષાએ પ્રથમ નંબર મેળવી ગોવા મુકામે રાજયકક્ષાની સ્પર્ધામાં ભાગ લઈ શાળાનું ગૌરવ વધાર્યું હતું.

## ખેલ મહાકુંભમાં જે.એમ.ચૌધરી કન્યા વિદ્યાલયની ટીમ વિજેતા

ગાંધીનગર, તા. ૨૪

ખેલ મહાકુંભ અંતર્ગત વિવિધ રમતોમાં જે.એમ.ચૌધરી કન્યા વિદ્યાલયની ટીમો વિજેતા બની છે. હૉકી સ્પર્ધામાં, તાલુકા કક્ષાની કબડ્ડી, ખોખો સ્પર્ધા, વૉલીબૉલ સ્પર્ધામાં વિજેતા બનેલ છે.

આચાર્ય સંતોકબેન ચૌધરીએ વિજેતા વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી. માર્ગદર્શક વિનાક્ષીબેન સુતરિયા, હેતલબેન દેસાઈ, લીલાબેન ચૌધરી, રાજયકક્ષાની સ્પર્ધાઓ માટે શુભેચ્છા પાઠવી હતી.

## સ્કૂલ ઑફ ઍચિવરના પ્રાથમિક વિભાગના વિદ્યાર્થીઓએ મનપાની કામગીરી નિહાળી



કુડાસણ ખાતે આવેલ સ્કૂલ ઓફ એચિવરના ધોરણ-૫ થી ૭ વિદ્યાર્થીઓએ ગાંધીનગર મહાનગર પાલિકાની પ્રત્યક્ષ મુલાકાત લીધી હતી. મેયર મહેન્દ્રસિંહ રાણા સાથે પ્રશ્નોત્તરી કરી હતી. મ્યુનિસિપલ કોર્પોરેશનની રચનાની કામગીરી કાર્યો અંગે માર્ગદર્શન મેળવ્યું હતું. મેયર મહેન્દ્રસિંહ રાણાએ બાળકોને સ્વચ્છતા શ્રમકાર્ય વૃક્ષારોપણ ખેલકૂદ પ્રવૃત્તિમાં ભાગ લેવા શીખ આપી હતી.

## એસ.એમ. હાઈસ્કૂલ સરઢવમાં માઈન્ડ પાવર ડેવલપમેન્ટ અંગે કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લાના સરઢવ ગામે આવેલી શેઠ એસ.એમ. સાર્વજનિક હાઈસ્કૂલ એન્ડ શ્રી બી.પી. પટેલ હાયર સેકન્ડરી સ્કૂલમાં તાજેતરમાં માઈન્ડ પાવર ડેવલપમેન્ટ માટેનો કાર્યક્રમ યોજાયો હતો.

શાળામાં માઈન્ડ પાવર ડેવલપમેન્ટ કાર્યક્રમ અંતર્ગત માનસિક એકાગ્રતા વધારવી, ભય દૂર કરવો, યોગ અને પ્રાણાયામ મહત્વ અંગે નિષ્ણાંત દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વી.કેર ફાઉન્ડેશનના ચેરમેન જે.સી. પટેલ અને ઘનશ્યામભાઈ બારોટ દ્વારા સમગ્ર વર્કશોપ વિના મૂલ્યે યોજાયો હતો. શાળાના ધોરણ ૯ થી ૧૨ના ૩૦૦ વિદ્યાર્થીઓ આ કાર્યક્રમમાં જોડાયા હતા. મગજની એકાગ્રતા વધારવા માટેના પ્રશ્નો વિદ્યાર્થીઓ દ્વારા પૂછવામાં આવ્યા હતા. જેમાં નિષ્ણાતો દ્વારા સચોટ માહિતી આપવામાં આવી હતી.



ગાંધીનગરની હિલવુડ એકેડમી ઓફ ટીચર્સ એજયુકેશન સંસ્થાના તાલીમાર્થીઓની ઈન્ટર્નશીપ તાજેતરમાં સરકારી પ્રાથમિક શાળા સે-૧૬, ગાંધીનગર ખાતે યોજાઈ હતી જે દરમિયાન શૈક્ષણિક અને સાંસ્કૃતિક તથા ઈનામ વિતરણ કાર્યક્રમ યોજી બાળકોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. (તસવીર : દિપક જાની)

## કે.કે. પટેલ વિદ્યાલયમાં માનસિક સ્વાસ્થ્ય સેમિનાર યોજાયો

ગાંધીનગર જિલ્લાના કોલવડા ગામે આવેલી કે.કે. પટેલ વિદ્યાલયમાં તાજેતરમાં માનસિક સ્વાસ્થ્ય, યાદશકિત, આત્મવિશ્વાસ અને યોગ-પ્રાણાયામ અંગેનો સેમિનાર યોજાઈ ગયો. શાળાના વિદ્યાર્થીઓએ સેમિનારમાં સફળ રીતે ભાગ લઈ માનસિક સ્વસ્થતા, યાદશકિત અને એકાગ્રતા વધારવાના અનેક નુસખા આત્મસાત કર્યા હતા.

કે.કે. પટેલ વિદ્યાલયના આચાર્યા શ્રીમતી ભાવનાબા એ. વાઘેલાના માર્ગદર્શન હેઠળ ગાંધીનગરમાં આવેલી 'વી કેર ફાઉન્ડેશન' સંસ્થાના ચેરમેન જે.સી. પટેલના અધ્યક્ષપણા હેઠળ સેમિનાર યોજવામાં આવ્યો હતો. અતિથિ વિશેષ તરીકે ઘનશ્યામભાઈ બારોટ તથા રમણભાઈ સોલંકી હાજર રહ્યા હતા.

શાળાના આચાર્યાએ મહેમાનોનું શાબ્દિક સ્વાગત તથા ફુલછડી દ્વારા સ્વાગત કર્યું હતું. જે.સી. પટેલે વિદ્યાર્થીઓમાં ભય દૂર થાય, સ્વચ્છ મન બને, એકાગ્રતા કેળવાય ઉચ્ચ સિદ્ધિ પ્રાપ્તિ માટેના સફળ સોપાનોની વિદ્યાર્થીઓને શીખ આપી હતી. વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ કેળવાય, એકાગ્રતા, યાદશકિત વધારવાના સૂચનો કર્યા હતા. ઘનશ્યામભાઈ બારોટે યોગ, કસરત દ્વારા તંદુરસ્તી કેળવાય, વ્યસનો દૂર કરવાની પદ્ધતિઓની દૃષ્ટાંત સહિત સમજ આપી હતી. ભરતભાઈ સોલંકીએ વિદ્યાર્થીઓમાં ઉચ્ચ કક્ષાના સફળતાની પ્રાપ્તિ તથા બાળકોને મનને અંકુશમાં રાખવાની ચાવીઓ શીખવી હતી. આભાર દર્શન શાળાના સુપરવાઈઝર ચીનુભાઈ પટેલે કર્યુંહતું. સફળ સંચાલન નારાયણભાઈ પટેલે કર્યું હતું.

## રાજયકક્ષાએ વકતૃત્વ સ્પર્ધામાં ત્રીજો ક્રમ મેળવતી રિદ્ધિ ભટ્ટ

ગાંધીનગર, તા. ૨૪

સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મ જયંતિ નિમિત્તે તાજેતરમાં નેશનલ મેડીકલ ઓર્ગેનાઈઝેશન દ્વારા રાજય કક્ષાની વકતૃત્વ સ્પર્ધાનું વડોદરા એસ.એસ.જી. હોસ્પિટલ એન્ડ મેડીકલ કોલેજ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. રાજયકક્ષાની આ વકતૃત્વ સ્પર્ધામાં ગાંધીનગરની જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજની વિદ્યાર્થિની કુ. રિદ્ધિ રાજેશભાઈ ભટ્ટે તૃતીય ક્રમ મેળવી વિજેતા ક્રમ હાંસલ કર્યો હતો. જેને કોલેજ પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

## સરસ્વતી વિદ્યાલય ૨૬મીએ જનજાગૃતિ રેલી યોજશે

ગાંધીનગર, તા. ૨૪

ભારતના ૬૪માં પ્રજાસત્તાક દિનની ઉજવણીના ભાગરૂપે ગાંધીનગરની સરસ્વતી વિદ્યાલય, સેકટર-૬-બી, ગાંધીનગરમાં તા. ૨૬મી જાન્યુઆરીએ સવારે ૮ કલાકે સાંપ્રત ઘટનાઓ અને સમસ્યાઓ પર આધારિત એક જનજાગૃતિ રેલી અને ધ્વજવંદન તથા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે.

શાળામાંથી જનજાગૃતિ રેલી સવારે ૮ કલાકે ગાંધીનગર મહાનગરપાલિકાના ચિમનભાઈ વિંઝુડા લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવશે. ત્યારબાદ સવારે ૯.૩૦ કલાકે શાળામાં ધ્વજવંદન અને શાળાના બાળકો દ્વારા નાનકડો સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે. આ પ્રસંગે પ્રવીણભાઈ પટેલ, યુસુફભાઈ પરમાર અને મુકેશભાઈ પટેલ ખાસ હાજર રહી રાષ્ટ્રધ્વજને સલામી આપી બાળકોને પ્રોત્સાહન આપશે.





આમતો તમને કાંઈ જ નથી ઠંડીને કારણે ડાયાબીટીસ વધી ગયો છે. બી.પી. ઘટી ગયું છે કમર અને પગનો દુખાવો થાય છે...હોળી સુધી રાહ જુઓ... દવાની જરૂર નથી...!!

## નવસર્જન હાઇસ્કૂલ માણસામાં રમતોત્સવ યોજાયો

માણસા, તા. ૨૪

નવસર્જન હાઈસ્કૂલ માણસમાં શાળાકીય રમતોત્સવ યોજવામાં આવ્યો હતો. રમતોત્સવમાં મહેમાનશ્રીઓ ભરતભાઈ નારણભાઈ પટેલ (આજોલવાળા), પ્રવિણભાઈ પટેલ (આર.ટી.ઓ), વિજયસિંહજી આર. મહિડા, અરવિંદસિંહજી ઝાલા ઉપસ્થિત રહ્યા હતા. ભરતભાઈ પટેલના હસ્તે રમતોત્સવનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. લાંબીકૂદ, સ્લો સાઈકલ, સિક્કાખોજ, સંગીત ખુરશી, વગેરે રમતો યોજાઈ હતી. દરેક વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામો આપવામાં આવ્યાં હતા.

શાળામાં વિવિધ પ્રવૃતિઓ કરવામાં આવે છે. આર્થિક રીતે પછાત તથા નબળા વર્ગનાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. દર ગુરૂવારે નાસ્તો, પિકનિક દાતાઓનાં સહયોગથી ગોઠવવામાં આવે છે.

## સાદરામાં શ્રમશિબિર સંપન્ન

સાદરા, તા. ૨૪

શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય સાદરાના રાષ્ટ્રીય સેવા યોજનાના ૮૧ સ્વયંસેવક અધ્યાપકોની ગાંધીકથા નિમિત્તે શ્રમશિબિરની પૂર્ણાહૂતિ થઈ હતી. ગ્રામ વિકાસ પ્રવૃત્તિઓ - પ્રભાતફેરી, શ્રમ, સફાઈ, પ્લાસ્ટિક વીણવાની હરિફાઈ, ગાંધીકથાના પ્રચાર-પ્રસાર કરેલ હતો.

શ્રમશિબિરની પૂર્ણાહૂતિમાં મુખ્ય મહેમાન તરીકે ગૌસંવર્ધન કેન્દ્રના પ્રા. રમેશભાઈ પટેલે યુવાનોને સમજ જ આપી હતી. સાદરાના સરપંચ મહેશભાઈ રાવલ અને પંચાયતી રાજ તાલીમ કેન્દ્રના આચાર્ય તેજસભાઈ ઠાકરે યુવાનોને પ્રોત્સાહન કર્યા. સંયોજન ડૉ. જમનાદાસ સાવલિયાએ અધ્યક્ષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. સ્વાગત પ્રવચન ભરતભાઈ આપ્યું હતું. કાર્યક્રમનું સંચાલન રાષ્ટ્રીય સેવા યોજનાના પ્રોગ્રામ ઓફિસર ડૉ. નીરજભાઈ સિલાવટે કર્યું હતું.

## ૨૭મીએ લલિત કલા અકાદમી દ્વારા ૧૪મું આરંગેત્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૨૪

કડી સર્વ વિશ્વવિદ્યાલય ગાંધીનગર સંચાલિત આર.એમ. લલિતકલા અકાદમી ૧૪મુંઆરંગેત્રમ ટાઉનહોલ ખાતેપ્રસ્તુત કરવામાંઆવશે.

લલિતકલા અકદામી ગાંધીનગરની વિદ્યાર્થીની નીકી ભાવસાર દ્વારા ભારતની સંસ્કૃતિના તાણાવાણાને જીવંત રાખતી ભરતનાટ્યમ્ (આરંગેત્રમ્) ૨૭ જાન્યુઆરી રવિવારના રોજ ગાંધીનગરમાં આવેલ ટાઉન હોલ ખાતે બપોરે ૨.૩૦ કલાકે રજૂ કરશે.



આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ચેરમેન સર્વવિદ્યાલય કેળવણી મંડળ કડી-ગાંધીનગરના વલ્લભભાઈ પટેલ, અધ્યક્ષ ગાંધીનગર કલ્ચરલ ફોરમના કૃષ્ણકાન્ત જહા, અશ્વમેઘ ગાંધીગનરના શૈલેષભાઈ પટેલ, અધ્યક્ષ ભાજપ જોધપુર કોષા અમદાવાદના ગીતાબેન ભાવસાર, એડિશનલ કલેકટર ગાંધીગનરના જયશ્રીબેન દેવાંગન, પ્રમુખ ગાંધીનગર ભાવસાર સમાજના મહેન્દ્રભાઈ ભાવસાર ઉપસ્થિત રહેશે.

લલિતકલા અકાદમીના કૉ-ઓર્ડીનેટર વીણાબેન પટેલ, આચાર્યા દીનાબેન ડોડીયા, કલાગુરૂ શકુંતલાબેન ઓઝા સર્વ વિશ્વ વિદ્યાલય પરિવાર તરફથી ગાંધીનગરની કલારસિક નગરજનોને નીકી ભાવસારને પ્રોત્સાહિત કરવા તથા આર્શીવાદ પ્રદાન કરવા ભાવભર્યું આમંત્રણ પાઠવે છે.

# શાળા પસંદ કરતાં પહેલાં બાળકના માતાપિતા આટલું વિચારે...

**શિક્ષણ ચિંતન**

ડૉ. પારૂલ દવે

વસંતપંચમીના શુભ દિને આડોશપડોશમાં કે આખા ગામમાં પતાસાં વહેંચી બાળકનો જે ભવ્ય શાળાપ્રવેશ થતો તે તો આજના યુગમાં ભૂતકાળનું એક સંભારણું બની ગયું છે. આજે તો બાળકના જન્મની સાથે જ અને કયારેક તો તેનાં જન્મ પહેલાં જ તે કયારે, કઇ શાળામાં, કયા માધ્યમમાં પ્રવેશ લેશે તેનો નિર્ણય લેવાઇ જતો હોય છે. બાળક એકાદ વર્ષનું થાય ત્યાં સુધી જો માતા-પિતા એકાદ શાળા નક્કી ન કરી શકે તો જાણે પોતાનું બાળક નિરક્ષર રહી જવાનું હોય એટલા ચિંતિત બની જાય છે અને તેમના પરિચિતોનું વર્તુળ પણ મદદરૂપ થવાને બદલે બેજવાબદારીનું લેબલ લટકાવી ટીકા કરવા લાગે છે. આવા સંજોગોમાં શાળાની પસંદગી કરતી વેળા માતા-પિતા તેમજ પરિવારજનો શાળા વિશે કેટલીક પૂર્ણવિચારણા કરે તે અનિવાર્ય છે અને આ વિચારણાના મુદ્દા કંઇક આવા હોઇ શકે :

● **બાળકની લાક્ષણિકતાઓ :**

આપણે જાણીએ છીએ કે દરેક બાળક અન્યની અનેક બાબતમાં જુદુ પડે છે. તેના ગમાઅણગમા, તેની ટેવો, તેની અપેક્ષાઓ અલગ અલગ હોય છે ત્યારે કઇ શાળા પસંદ કરવી તેના કરતાં કેવા પ્રકારની શાળા યોગ્ય રહેશે, તેનો વિચાર સૌપ્રથમ કરવો જોઇએ. ઉદાહરણ તરીકે, કોઇ બાળક નાનકડા જૂથમાં જ શ્રેષ્ઠ રીતે શીખી શકે છે તો તે ખૂબ વિશાળ શાળામાં સમાયોજનનાં પ્રશ્નો અનુભવે. આથી જરૂર છે કે તેના માટે પસંદ કરાયેલી શાળા સંખ્યા સંદર્ભમાં નાની હોય.

● **પારિવારિક લાક્ષણિકતાઓ :**

આપણો દેશ એ મૂલ્યો અને સંસ્કૃતિનો દેશ ગણાય છે અને અહીં શિક્ષણ વ્યવસ્થા પાસેથી એવી અપેક્ષા રાખવામાં આવે છે કે શાળાઓ આ મૂલ્યો/સંસ્કૃતિ/ રીતરિવાજો બાળકોની શીખવે અને તેમનાં દ્વારા તેનું સંવર્ધન થાય. જો બાળકના પરિવારજનો આ પ્રકારની વિચારસરણી ધરાવતા હોય તો બાળક માટે એવી શાળા પસંદ કરવી જોઇએ, જે તેમનાં મૂલ્યો-વિચારોનું પ્રતિનિધિત્વ કરતી હોય. વિવિધ ધાર્મિક શાળાઓની પસંદગી પાછલ આ વિચારધારા હોઇ શકે.

● **શાળાની લાક્ષણિકતાઓ :**

પ્રત્યેક સંસ્થાઓને પોતાનું આગવું Vision અને Mission હોય છે. જેને કેન્દ્રમાં રાખી તેની ગતિવિધિઓ થતી હોય છે. શાળા દ્વારા પ્રકાશિત પ્રચાર સાહિત્યમાં વર્ણવેલાં મૂલ્યો અને માન્યતાઓનું વાસ્તવિક અનુકરણ થાય છે કે કેમ તેમજ આ વિચારધારા પ્રવર્તમાન સમય સાથે કેટલી સુસંગત છે અને ભાવિ માટે કેટલી ઉપયોગી છે, તેનો વિચાર પણ અગાઉથી કરવો જ રહ્યો.

● **શાળાનું ભૌતિક પર્યાવરણ :**

જે સંસ્થામાં તમારૂં બાળક પોતાના દિવસનાં ઘણા કલાકો વીતાવતું હોય તે સંસ્થાના ભૌતિક પર્યાવરણની અસર તેના વિકાસ પર થાય છે. આથી શાળાનું કદ, વર્ગખંડનું કદ, શાળાની આસપાસના વિસ્તાર, રમતગમતનું મેદાન, વર્ગમાં બેઠક વ્યવસ્થા, બાળકોની સલામતી માટેનાં સાધનો આ બધા વિશેની તમારી વાલી તરીકે શી અપેક્ષા છે એ વિચારી શાળા પસંદગી તરફ આગળ વધવું જોઇએ.

● **શાળાનું આંતરિક પર્યાવરણ :**

દરેક સંસ્થા પોતાનું આગવું ભાવાવરણ ધરાવતી હોય છે, જેનું નિર્માણ શાળામાં કાર્યરત જીવંત વ્યક્તિઓનાં પરસ્પરના સંબંધોના આધારે થાય છે. આથી કોઇ પણ શાળાનાં વર્ગમાં બાળકોની સંખ્યા કેટલી છે? માત્ર કુમાર/કન્યા શાળા છે કે સહશિક્ષણ ધરાવતી શાળા છે? શિસ્ત અંગેની વિચારધારા કઇ છે? આચાર્ય, શિક્ષકો, સંચાલકોના પરસ્પરના સંબંધો કેવા પ્રકારના છે? આ બધા મુદ્દા પર પણ વિચારણા અનિવાર્ય છે.

● **શાળાનું શૈક્ષણિક પર્યાવરણ :**

પ્રત્યેક માતા-પિતાની એવી અંતરતમ ઇચ્છા હોય છે કે તેનું બાળક શિક્ષણમાં સફળતાનાં બધા જ સોપાનો સર કરે, અને એ માટેનું પૂરતું પ્રોત્સાહન અને પર્યાવરણ તેને શાળા આપી શકે. આથી શાળાની ભણાવવાની પધ્ધતિઓ કઇ છે? બાળવિકાસની સાથે સાથે વધતો અભ્યાસ કેવો છે? બાળકના શિક્ષણ માટે સમર્પિત શિક્ષકો શાળામાં છે કે કેમ? આ બાબતો પર વિચારણા માગી લે છે.

● **શાળાની પૂરક સુવિધાઓ/કાર્યક્રમો :**

માતા-પિતા બાળકનાં સર્વાંગી વિકાસ માટે પ્રયત્નશીલ હોય ત્યારે શાળાના સંદર્ભમાં તેમણે એ પણ વિચારવું જોઇએ કે બાળકને અભ્યાસ ઉપરાંત જે કેટલીક પ્રવૃત્તિઓ-સુવિધાઓ ઉપયોગી થાય કે જેમાં, કોમ્પ્યુટર લેબ, પુસ્તકાલય, પ્રયોગશાળા, રમતનું મેદાન, વાલી મંડળ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સંગઠન, સાંસ્કૃતિક કાર્યક્રમો વગેરે મળી શકે એમ છે કે નહીં? શાળા પસંદગી પહેલાં આટલી પ્રાથમિક વિચારણા કર્યા બાદ નીચેનાં પ્રશ્નો તમારી જાતને, પરસ્પરને, પરિવારજનોને પૂછી ચર્ચા કરી શાળા વિશે નિર્ણય લો.

● શાળા મોટી હોવી જોઇએ કે નાની?

● સહશિક્ષણ ધરાવતી શાળા યોગ્ય કે સહશિક્ષણ સિવાયની?

● ધાર્મિક શાળા પસંદ કરવી કે બિનસાંપ્રદાયિક અને મૂલ્ય શિક્ષણ આપતી શાળા પસંદ કરવી?

● શાળાપ્રવેશ શા માટે અગત્યનો ઘણો છો?

● આર્થિક ખર્ચ કેટલો કરવો શક્ય છે?

● નજીકના અંતરની શાળા યોગ્ય કે મુસાફરીનો આનંદ મળે તેવું દૂરનું સ્થળ યોગ્ય?

● કઇ પધ્ધતિઓ, પરીક્ષાઓ અને વિચારધારાઓ મુજબ તમારા બાળકને શિક્ષણ આપવા ઇચ્છો છો?

આ પ્રશ્નોના જવાબ તૈયાર કરતાં પહેલાં તમારા બાળકનું યોગ્ય નિરીક્ષણ કરીને શાળા પસંદગી કરજો, કારણ કે -

● શાંત બાળક ખૂબ જ વિશાળ શાળામાં અકળામણ અનુભવી શકે છે.

● અતિશય ચંચળ બાળક માટે વધુ નિયમ પ્રધાન વાતાવરણ જરૂરી બને છે.

● અતિ સંવેદનશીલ બાળક થોડા બાળકોવાળી શાળામાં ખુશ રહી શકે છે.

● મેઘાવી બાળક માટે સર્જનાત્મકને પોષે તેવી શાળાની જરૂરિયાત રહે છે.

● સ્વગતિએ શીખવવાનું બાળ શૈક્ષણિક સિધ્ધિને જ મહત્ત્વ આપતી શાળામાં અનુકૂલન સાધી શકતું નથી.

● વિશિષ્ટ જરરિયાતો ધરાવતાં બાળકની શાળાનો નિર્ણય તેના ડોકટર વધુ યોગ્ય રીતે લઇ શકે છે.

આમ, બાળક માટે શાળાની પસંદગી માતા-પિતાના જીવનનો અતિ મહત્ત્વનો નિર્ણય ગણાય છે. ત્યારે શાળા સંદર્ભે તો પૂરતી કાળજી લેવી જ જોઇએ પણ સાથે સાથે પોતાનું બાળક ખરેખર શાળા પ્રવેશ માટે તૈયાર છે કે કેમ તે પણ વિચારી લેવું જોઇએ. વ્યસ્ત જીવનશૈલી અને દેખાદેખીના પરિણામે કયારેક ખોટા સમયે ખોટી શાળા પસંદ થઇ જાય ત્યારે બાળકોમાં અલિપ્તતા, અસામાજિક પ્રવૃત્તિ તરફનું વલણ, નીચી સિધ્ધિ, તણાવ, આત્મવિશ્વાસનો અભાવ જેવી ગંભીર ક્ષતિઓ જોવા મળે છે. આથી દરેક માતા-પિતા આ મુદ્દે સજાગ બને, સ્વસ્થ ચિત્તે નિર્ણય લે તેવી અભ્યર્થના.

સંપર્ક : અધ્યાપિકા, શ્રીમતી જે.જે. કુંડલિયા
ગ્રેજ્યુએટ ટીચર્સ કોલેજ, રાજકોટ